

શહેરમાં વસતા સીંધી સમાજ દ્વારા ચેટીચાંદની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. ઝુલેલાલ મંદિર ખાતે ચેટીચાંદની ઉજવણીનો ભવ્ય કાર્યક્રમ યોજાયો હતો. જેમાં સમાજના સભ્યો મોટી સંખ્યામાં જોડાયા હતા.



ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકાના ભીમપુરા ગામના વતની જગદીશભાઈ દશરથભાઈ ચૌધરી આજે આર્મીમાં ૧૭ વર્ષ પૂર્ણ કરીને માદરે વતન પાછા ફર્યા ત્યારે ગ્રામજનોએ ભાવભર્યો આવકાર આપ્યો. ગાય જગદીશભાઈ ૫૩ રેજીમેન્ટ આર્મીમાંથી નિવૃત્ત થયા તેઓએ પઠાણકોટ લડાક અને મહારાષ્ટ્રમાં સેવા બજાવી હતી.



ગાંધીનગર દક્ષિણ વિધાનસભા મતક્ષેત્રની સાદરા ગામ મુકામે જક્ષણી માતાજીના પ્રાંગણમાં ટીફીન બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તાઓ ભેગા મળીને બેઠકને સફળ બનાવી અને આવનારી વિધાનસભા ચૂંટણી માટે રણનીતિ નક્કી કરી.

## યોગતત્વથી ઈશ્વરતત્વ અંગે પ્રવચન યોજાયું




ગાંધીનગર, તા. ૨

શ્રી ગુરૂધામ સ્વામી સર્વાનંદ સેવાશ્રમ વડિયા જિ. અમરેલીના સ્વામી સર્વાનંદ બાપુએ મ.દે. ગ્રામસેવા સંકુલ-સાદરાના બી.એ. એમ.એ. પી.એચ.ડી. વિભાગના ૩૬૦ વિદ્યાથીઓને યોગ તત્વથી ઈશ્વર તત્વ અંગે વાર્તાલાપ કર્યો. જેમાં સ્વામી આનંદ બાપુએ સ્વને જાણો, પરમાર્થ માટે જીવો, વૈશ્વિક ઊર્જા સાથે અનુબંધ કરી, અહમ્ બ્રહ્મા સ્ત્રી, અણુ અણુમાં ઈશ્વર છે. વસ્તુ નાસવંત છે, વિચાર વૈશ્વિક છે, ભાવનાના પ્રવાહમાં જોડાશો તો પસ્તાવવું પડશે, પરમતત્વ એક જ છે અને છેલ્લે યોગ એટલે જાતને ઓળખવી એવા આશિર્વાદભર્યુ ઉદ્‌બોધન કરી વિદ્યાર્થીઓ અને સૌ સેવકોને જ્ઞાનવિભોર કર્યા.

સંકુલ સંયોજક પ્રા. રમેશભાઈ પટેલના માર્ગદર્શન મુજબે ડૉ. ગેલજીભાઈ ભાટીયા, ડૉ. મોતી દેવુના આયોજન મુજબે કાર્યક્રમ હાથ ધરાયો. ડૉ. દિવ્યેશ ભટ્ટે આભારદર્શન કર્યુ.

## ગુર્જર નેતા સ્વ.કર્નલ કિરોરીસિંહ બૈંસલાને શ્રદ્ધાંજલી અપાઈ



ગાંધીનગર, તા.૨

આજે સાંજે ગાંધીનગરના સ્વર્ણિમ પાર્ક ખાતે રાજસ્થાન સમાજ સાર્વજનિક સેવા ટ્રસ્ટ દ્વારા ગુર્જર નેતા સ્વ.કર્નલ કિરોરીસિંહ બૈંસલાને શ્રદ્ધાંજલી અર્પણ કરવાનો કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે શ્રદ્ધાસુમન અર્પણ કરતાં ટ્રસ્ટના પ્રમુખ તુલસીભાઈ માલીએ કહ્યું હતું કે સમગ્ર ભારતને ગુર્જર સમાજના મંચ પર મોટી ખોટ પડી છે. કર્નલ કિરોરીસિંહ બૈંસલાએ ઘણું યોગદાન આપ્યું છે, તેઓ હંમેશા ભારતના કરોડો નાગરિકોના હૃદયમાં જીવશે, કર્નલ સાહેબ એ મહાન વ્યક્તિત્વ છે, જેના કારણે સમાજના હજારો બેરોજગાર યુવાનોને નોકરીના રૂપમાં નવું જીવન મળ્યું છે, કર્નલ સહેબે જે કર્યુ તેનું ઋણ છે. કર્નલ સાહેબને આવનારી ઘણી પેઢીઓ હંમેશા યાદ રાખશે. આપણે સૌ ભગવાનને પ્રાર્થના કરીએ કે આ મહાન વ્યક્તિત્વ કર્નલ સાહેબના આત્માને સ્વર્ગમાં સ્થાન મળે. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં શહેરમાં રહેતાં રાજસ્થાની નાગરિકો જોડાયાં હતા અને સ્વ.કર્નલ કિરોરીસિંહ બૈંસલાના માનમાં મૌન પાળી પુષ્પાંજલી અર્પણ કરી હતી.

તાજેતરમાં સમર્પણ પબ્લિક સ્કૂલ, ગાંધીનગર ખાતે યુનિવર્સલ એક્સપ્લોરર ગ્રુપ દ્વારા યોજાયેલ બે કલાક નોન-સ્ટોપ સ્કેટિંગ ઈવેન્ટ ૨૦૨૨ માં વિશેષ હાજર રહેવા બદલ અને દરેક સહભાગી વિદ્યાર્થીઓને જરૂરી માર્ગદર્શન આપવા બદલ સમર્પણ પબ્લિક સ્કૂલનાં સંચાલક શ્રીમતી હેમાબેન ભટ્ટ અને સમર્પણ એજ્યુકેશન એન્ડ રિસર્ચ કેમ્પસનાં રજીસ્ટ્રાર ડો. એમ.ડી પાંડે ને ગાંધીનગર ટેક્વોન્ડો એસો. સંસ્થાનાં ટેક્નિકલ ડિરેક્ટર જતીન દવે તથા સંસ્થાનાં સેક્રેટરી અને ઈવેન્ટ કો-ઑર્ડિનેટર મિલાપ ટાટારિઆ ટાઈગર દ્વારા આભાર વ્યક્ત કરતો પત્ર એનાયત કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત અનેક મુદ્દાઓને લઈને ચર્ચાવિચારણા કરી હતી.

# ઉનાળામાં માટીની બોટલનો ક્રેઝ વધ્યો

## ૧૦૦ રૂપિયાથી ૧૬૦ રૂપિયામાં મળતી માટીની પાણીની બોટલ







ગાંધીનગર, તા. ૨

ઉનાળાની ગરમીમાં શહેરીજનો દ્વારા ઠંડુ પાણી રહે તે માટે માટીના માટલાઓની ખરીદી કરાઈ રહી છે. દરેકના ઘરમાં નાની માટલી જોવા મળતી હોય છે. જેમાં ફ્રીઝ કરતા ઠંડુ પાણી રહેતું હોય છે. જે સ્વાસ્થ્ય માટે પણ સારૂ હોય છે. ત્યારે શહેરમાં ઠંડા પાણીની પ્લાસ્ટિકની બાટલોની સાથે સાથે માટીની બોટલો જોવા મળી રહી છે. મોટા ભાગના નાગરિકો પ્લાસ્ટિકની બોટલનો ઉપયોગ કરે છે. પરંતુ આ વખતે માટીની બોટલ પણ બનાવવામાં આવી છે.

શહેરમાં વર્ષોથી માટીના માટલા અને માટીના વાસણોમાં પાણીનો સંગ્રહ કરીને પાણી પીવાઈ રહ્યું છે. જોકે હાલ આધુનિક ટેકનોલોજી વધવા ઘરે ઘરે ફ્રીઝ જોવા મળી રહ્યા છે. અને દુકાનોમાં મોટાભાગે પ્લાસ્ટિકની બોટલમાં પાણી વેચાઈ રહ્યું છે. આ પાણી લાંબે ગાળે બોટલમાં પડ્યું રહે તો સ્વાસ્થ્યને નુકશાન પહોંચાડે છે અને અનેક રોગોના ભોગ પણ બને તેવી શક્યતાઓ છે. આજકાલ ડૉક્ટર પણ માટીના વાસણ અને માટલામાં પીવાનું પાણી પીવું જોઈએ તેવી સલાહ આપતા જોવા મળી રહ્યા છે. જોકે આપણા દાદા પરદાદા વર્ષોથી માટીના માટલામાં પાણી પીતા હતા અને તેઓ તંદુરસ્ત પણ જોવા મળતા હતા.

૧૦૦ રૂપિયાથી ૧૬૦ રૂપિયા સુધીની માટીની બોટલ બજારમાં ઉપલબ્ધ છે. માટીની બોટલમાં પાણી પીવાથી અનેક ફાયદા થાય છે. શાળા-કોલેજ, ઓફિસોમાં સાથે લઈ રાખવામાં આવતી પ્લાસ્ટિકની બોટલો કરતા માટીની આ પાણીની બોટલો ફાયદાકારક અને દરેકને પોસાય તેવા ભાવમાં વેચવામાં આવતા તેની ખરીદી પણ વધી રહી છે.




મહારાષ્ટ્રીયન નવ વર્ષ ગુડી પડવાની ઉજવણી શહેરમાં ઉલ્લાસભેર કરવામાં આવી. સેક્ટર-૨૧ મહારાષ્ટ્ર ભવન ખાતે શાસ્ત્રોક્ત વિધિથી ગુડીની પૂજા કરી મહારાષ્ટ્રીયન સમાજે ગુડી પડવાની ઉજવણી કરી હતી.

## ગાંધીનગર ટેક્વોન્ડો એસોસિએશન અને યુનિવર્સલ એક્સપ્લોરર ગ્રુપ દ્વારા સ્ટેપ અપ સમર કેમ્પ ૨૦૨૨ નું આયોજન


ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર ટેક્વોન્ડો એસોસિએશન અને યુનિવર્સલ એક્સપ્લોરર ગ્રુપ દ્વારા તા. ૫ એપ્રિલ થી ૮ એપ્રિલ દરમિયાન સેક્ટર ૨૪, રંગમંચની સામે શ્રી કબીર પારખ ધામ ખાતે સ્ટેપ અપ સમર કેમ્પ ૨૦૨૨ નું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ટેક્વોન્ડો (સેલ્ફ ડિફેન્સ), વેપન્સ ટ્રેનિંગ, યોગા, ગન શૂટિંગ વગેરે જેવી અનેક વિવિધ પ્રવૃત્તિઓ કરાવવામાં આવશે. ભાગ લેનાર તમામને સર્ટિફિકેટથી પ્રોત્સાહિત કરવામાં આવશે. ગાંધીનગર મહાનગરપાલિકા વિપક્ષ નેતા અંકિત બારોટ વિશેષ ઉપસ્થિત રહેશે. વધુ માહિતી માટે : ૯૧-૮૧૬૦૦૬૫૬૨૭, ૯૧-૭૪૦૫૨૬૭૭૨૭ પર નામ નોંધાવી લેવા સંસ્થા દ્વારા જણાવવામાં આવ્યું હતું.

## "સ્પંદન પીડીયાટ્રીક રીહેબીલીટેશન સેન્ટર" દ્વારા રેલી યોજાઈ

ગાંધીનગર, તા. ૨

બીજી એપ્રીલ કે જે "વર્લ્ડ ઓટીઝમ ડે" તરીકે વિખ્યાત છે. આ દિનની ઉજવણી માટે અને સામાજીક જાગૃતિ માટે રેલીનું આયોજન 'સ્પંદન પિડિયાટ્રીક રીહેબીલીટેશન સેન્ટર" સેક્ટર-૧૧ દ્વારા કરવામાં આવ્યું હતું. આ રેલી ઘ-૨ થી ઘ-૩ સિવિલ હોસ્પિટલ સુધી યોજાઈ હતી. આ રેલીમાં બાળકોના ફિઝીયોથેરાપેસ્ટો, ઓક્યુપેશનલ થેરાપીસ્ટ, ઓટીઝમથી પીડીત બાળકો તથા તેમના માતા-પિતા, શારદા કોલેજ ઓફ ફિઝીયોથેરાપી (પેથાપુર) તથા કમલા અમૃત ફિઝીયોથેરાપી કોલેજના વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ રેલીમાં પ્લેકાર્ડ, પોસ્ટરકાર્ડ તથા બેનરો દ્વારા ઓટીઝમની માહિતી દર્શાવાઈ હતી અને ઓટીઝમ થવાના કારણે લક્ષણો દર્શાવતા પૈમ્પલેટનું વિતરણ કરવામાં આવ્યું હતું. જો સમયસર ઓટીઝમનું નિદાન અને સારવાર કરવામાં આવે તો બાળકો નોર્મલ બની શકે છે. ઓટીઝમ જન્મથી ૩ વર્ષ સુધીમાં પરખાઈ આવે છે જેની સારવારમાં સેન્સરી ઈન્ટીગ્રેશન થેરાપી, ઓક્યુપેશનલ થેરાપી, સ્પીચ થેરાપી, ન્યુરો ડેવલોપમેન્ટલ થેરાપી, એબીએ થેરાપીનો સમાવેશ થાય છે.



ગાંધીનગરના વિવિધ વિસ્તારોમાં આજકાલ પરપ્રાંતીય યુવતીઓ દેખાઈ રહી છે. યુવાન વયની આ યુવતિઓ વિવિધ કારણો દર્શાવી રાહદારીઓ અને વાહનચાલકો પાસેથી પૈસા પડાવે છે. છેલ્લા કેટલાક દિવસોથી આ યુવતીઓ નગરજનોને હેરાન પરેશાન કરી રહી છે.

## મંત્રી નરેશભાઈ પટેલની ઉપસ્થિતિમાં ગુણભાંખરી ખાતે ચિત્ર-વિચિત્ર બે દિવસીય મેળો યોજાશે

સાબરકાંઠા, તા. ૨

સાબરકાંઠા જિલ્લાના પોશીના તાલુકાના ગુણભાંખરી ખાતે તારીખ ૧લી અને ૨જી એપ્રિલ ૨૦૨૨ના સાબરમતી નદીના કિનારે ઐતિહાસિક ચિત્ર-વિચિત્ર મેળાની ઉજવણી કરવામાં આવશે. આ કાર્યક્રમમાં આદિજાતિ વિકાસ અન્ન નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા બાબત કેબિનેટ મંત્રી નરેશભાઈ મગનભાઈ પટેલ તા. ૧ એપ્રિલ ૨૦૨૨ના રાત્રે ૧૦ કલાકે ઉપસ્થિત રહેશે. આ કાર્યકર્મમાં પ્રભારી મંત્રી ડો. કુબેરભાઈ ડીંડોર, આદિજાતિ વિકાસ અને આરોગ્ય અને પરિવાર કલ્યાણ તબીબી શિક્ષણ મંત્રી નિમિષાબેન સુથાર વિશેષ ઉપસ્થિત રહેશે. આ બે દિવસીય મેળામાં સાબરકાંઠા સાંસદ દિપસિંહ રાઠોડ, રાજ્યસભા સાંસદ રમીલાબેન બારા, જિલ્લા પંચાયત પ્રમુખ ધીરજભાઈ પટેલ અને ખેડબ્રહ્મા ધારાસભ્ય અશ્વિન કોટવાલ ઉપસ્થિત રહેશે.

## ખૂણેખાંચરેથી

● ગાંધીનગર જિલ્લામાં ટી.બી. નિર્મૂલન અંગેના જનજાગૃત્તિ અભિયાનની સમીક્ષા માટે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ઈન્ચાર્જ ડૉ. હરેશ નાયક અને જિલ્લા ટી.બી. અધિકારીએ સંયુક્ત રીતે જિલ્લાના તબીબી અધિકારીઓ સાથે સમીક્ષા કરી હતી.

● ગાંધીનગર શહેરની અંગ્રેજી માધ્યમની સરકારી શાળાના શિક્ષકો અને વિદ્યાર્થીઓનો રંગારંગ કાર્યક્રમની જોરદાર રીતે સે. ૨૨ના રંગમંચ પર ઉજવણી કરવામાં આવી હતી.

● રાજ્યના ૫૭ આઈ.પી.એસ.ની બદલી અને ૨૦ને આઈ.પી.એસ.માં બઢતી આપતા હૂકમો આજે જારી કરવામાં આવ્યા છે.

● ચેટીચાંદ પર્વની આજે ગાંધીનગરમાં શાનદાર રીતે ઉજવણી કરવામાં આવી હતી.

● દહેગામના બજારમાં કઠવાડાની મહિલાના ૧.૮૬ લાખના દાગીના ચોરાયાની ઘટનાથી શહેરમાં ચકચાર મચી જવા પામી છે.

● દહેગામની ફિનફેર સ્મોલ ફાઈનાન્સ બેન્કમાં ખોટા સોનાના દાગીના મુકી લોન મેળવનાર સામે ફરિયાદ દાખલ થઈ.

● પુસ્તક પરબ આજે બલરામ મંદિર ખાતે યોજાશે.

● ચૈત્રી નવરાત્રિના પ્રારંભથી જ ગ્રામ્ય વિસ્તારોના મંદિરોમાં પાટોત્સવની ઉજવણીને લઈ પદયાત્રીઓ નગરમાંથી પસાર થઈ રહ્યા છે. શહેરમાં ભક્તિનો માહોલ જોવા મળી રહ્યો છે.

● ચૈત્ર મહિનામાં લીમડાના મ્હોરના સેવનનો મહિમા હોવાથી મ્હોર લઈ જનારા અને પીનારાઓ લીમડાના મ્હોર લેવા સેક્ટરોમાં ફરતા જોવા મળી રહ્યા છે.

## સરગાસણ પ્રમુખ ટેન્જેન્ટના પાર્કિંગમાંથી એક્સેસની ચોરી

ગાંધીનગર, તા.૨

ગાંધીનગર સરગાસણ ખાતે પ્રમુખ ટેન્જેન્ટના પાર્કિંગમાંથી એકસેસની ચોરી થવા પામી છે. બનાવ અંગે પોલીસે મથકે ફરીયાદ નોંધાતા વધુ તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ અમદાવાદ રાણીપ આનંદનગર સોસાયટી ખાતે રહેતા ગૌરવ હસમુખ પંચાલ ફોટોગ્રાફીનો વ્યવસાય કરે છે. જયારે ગૌરવ પંચાલ પોતાના મોટાભાઈના નામનુ એકસેસ જી. જે. ૦૧. પી. આર. ૭૬૬૪ નો ઉપયોગ કામ માટે કરે છે. ગત તા.૨૮ માર્ચના રોજ થી ૩૦ માર્ચના રોજ હોટલ સ્લીપ ઈનમાં રોકાયેલ હતો. જયારે મહાત્મા મંદિર ખાતે શુટીગ માટે ગયો હતો અને રાત્રીના સમયે ૧૧ વાગ્યાના અરસામાં આવીને જોયુ તો પ્રમુખ ટેન્જેન્ટના પાર્કિંગમાં પાર્ક કરેલુ એકસેસ ન હતું. જેથી આસપાસના વિસ્તારમાં એકસેસ અંગે શોધખોળ કરી હતી.પરંતુ એકસેસ મળી ન આવતા રૂ.૮ હજારના એકસેસ ચોરી અંગે પોલીસ ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

# ગીફટસીટીના રેવન્યુ રેકર્ડમાંથી રી ગ્રાન્ટ કરાવવાનું કાવતરુ રચીને શખ્સે રૂ.૧૦ લાખની છેતરપિંડી આચરી

ગાંધીનગર, તા.૨

ગાંધીનગર નજીક વલાદ ગામની ૨૮ વીઘા જમીન ગીફટ સીટીના રેવન્યુ રેકર્ડ માંથી રી ગ્રાન્ટ કરાવી આપવાનું કાવતરુ રચી શખ્સે રૂ.૧૦ લાખની ઠગાઈ કરતા સેકટર-૨૧ પોલીસ મથકે ગુનો નોંધાયો છે. જયારે શખ્સે પૂર્વ સાંસદ મધુસુદન મિસ્ત્રીના ભાણેજ અને ઓલ ઈન્ડીયા કોંગ્રેસ કમિટી દિલ્હીના ડેલીગેટ તરીકે ઓળખ આપી છેતરપિંડી કરી છે. પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ શહેરના સેકટર-૬ સ્થિત વસવાટ કરતા અંબાલાલ મંગાભાઈ પટેલના નજીકના સંબંધીઓની વલાદ ગામની સીમમાં ૨૮ વીઘા જમીન આવેલી છે. વર્ષ-૨૦૦૮માં સરકારે ગીફટ સીટી નિર્માણ માટે ઠરાવ કર્યો હતો.જેમાં જમીન રેવન્યુ રેકર્ડમાં ગીફટસીટીનું નામ ચઢી ગયું છે.આ જમીનમાં નામ પરત લાવવા માટે તેમના સંબંધી દ્વારા કોર્ટ કાર્યવાહી પણ કરવામાં આવી છે. જો કે સંબંધી ઉમરલાયક હોવાથી તેમણે જમીન અંગે અંબાલાલ પટેલ સાથે વાતચીત કરી હતી.જેથી અંબાલાલ પટેલે દોઢ વર્ષ અગાઉ સર્કિટ હાઉસ પાસે મિત્રોને મળવા માટે ગયા હતા. તે સમયે પોતાના મિત્ર રીકેશ પટેલને વાત કરતા અમદાવાદના મોટેરા સ્ટેડીયમ પાસે આવેલા કેના બંગ્લોઝ માં રહેતા દિલિપ ઈશ્વરભાઈ મિસ્ત્રી (મેવાડા) સાથે પરિચય થયો હતો.આ ઠગે પોતાની ઓળખાણ પુર્વ સાંસદ મધુસુદન મિસ્ત્રીના ભાણીયા અને ઓલ ઈન્ડીયા કોંગ્રેસ કમિટી દિલ્હીના ડેલીગેટ તરીકે આપી હતી. ત્યારબાદ ઠગે વિશ્વાસ જીતીને આ જમીન રી ગ્રાન્ટ કરાવી આપવા માટે બાંહેધરી આપી રૂ.૧૦ લાખના ખર્ચની માંગ કરીને ઉચ્ચ અધિકારીઓ સાથે ઘરોબો હોવાની વાત કહી હતી.જેને પગલે અંબાલાલ પટેલ જમીનનું કામ આપી રૂ.૫ લાખ આપીને આ અંગે નોટરી પાસે સમજુતી કરાર પણ કર્યો હતો. જયારે ફેબ્રુઆરી વર્ષ ૨૦૨૧ માં દિલિપ મિસ્ત્રી એ અંબાલલાને ગાંધીનગર કલેકટરને સંબંધિત મહેસુલ વિભાગનો પત્ર આપી કહ્યું હતું કે હવે થોડા સમયમાં તેમના સંબંધિતના નામ જમીનમાં પરત આવી જશે. જેથી અંબાલાલે બીજા રૂ.૫ લાખ આપ્યા હતા. પરંતુ સમય વિતી ગયા બાદ પણ જમીનનું રી ગ્રાન્ટ નું કામ ન થતા અંબાલાલ દ્વારા તપાસ કરતા જમીનની અરજી દફતરે થઈ ગઈ હોવાનું જાણવા મળ્યું હતું. જયારે ઠગ અંગે તપાસ કરતા તે પૂર્વ સાંસદ મધુસુદન મિસ્ત્રીનો ભાણીયો કે ઓલ ઈન્ડીયા કોંગ્રેસ ડેલીગેટ નહી હોવાનું જાણવા મળ્યું હતું. દિલિપ મિસ્ત્રીએ હોદાના ખોટા લેટર પેડ બનાવી પોતાની સાથે છેતપિંડી કરી હોવાનું પુરવાર થતા અંબાલાલ પટેલે સેકટર-૨૧ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.




ઓટીઝમ ધરાવતા બાળકોની રેલી યોજાઈ હતી. ઘ-૨ થી સિવિલ સુધી યોજાયેલી આ રેલીમાં ઓટીઝમ ધરાવતા બાળકો જોડાયા હતા.

## વલાદ બ્રાઈટ સ્કુલના ગેટ પાસેથી કેટીએમ બાઈકની ચોરી

ગાંધીનગર, તા.૨

વલાદ ગામની સીમમાંઆવેલી બ્રાઈટ સ્કુલના ગેટ પાસેથી મોંઘાદાટ કેટીએમ બાઈકની ચોરી થવા પામી છે. બનાવ અંગે નર્સિંગમાં અભ્યાસ કરતા યુવકે રૂ.૨૦ હજારના બાઈક ચોરી અંગે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ શહેરના સેકટર-૧૨ ઉમીયાનગર પ્લોટ નં.૧૩૧ ખાતે રહેતા વશિષ્ટ સુભાષભાઈ નિનામા (ઉં.૨૦) રહે છે. જયારે યુવક બ્રાઈટ સ્કુલમાં પ્રથમ વર્ષમાં નર્સિંગમાં અભ્યાસ કરે છે. બ્રાઈટ સ્કુલ આવન જાવન માટે તે કેટીએમ બાઈક નં. જી. જે. ૦૧. ઈ.એકસ-૨૩૭૭નો ઉપયોગ કરે છે.ત્યારે ગત તા.૧ એપ્રિલના રોજ સવારના ૮ વાગે ગાંધીનગર થી બ્રાઈટ સ્કુલ ખાતે બાઈક લઈ વશિષ્ટ ગયો હતો. સ્કુલના ગેટ પાસે બાઈક પાર્ક કર્યુહતું. જયારે બપોરે ૧૨ વાગે યુવક બાઈક લઈને નાસ્તો કરવા માટે ગયો હતો. ત્યારબાદ પરત આવીને લોક મારી ગેટની બાજુમાં બાઈક પાર્ક કર્યુ હતું. જયારે સાંજના સમયે નર્સિંગમાંથી છુટીને જોયુ તો પાર્ક કરેલી જગ્યા પર બાઈક ન હતું.

## કલોલમાંથી તુફાન જીપ ચોરી કરનાર બે શખ્સોને એલસીબી-૨ એ પકડી પાડ્યા

ગાંધીનગર,તા.૨

ગાંધીનગર તાજેતરમાં કલોલ શહેરમાંથી રાત્રીના સમયે કલોલ બારોટવાસ માત્રી માતાના મંદિર પાસે ચોકમાં ખુલ્લી જગ્યામાં પાર્ક કરેલી તુફાન જીપ ચોરી કરનાર બે આરોપીઓને પકડી પાડી તુફાન જીપ ગણતરીના દિવસોમાં વાહન ચોરી ગુનાનો ભેદ ગાંધીનગર એલસીબી-૨ પોલીસે ઉકેલી દીધો છે. જયારે પોલીસે રૂ.૧.૩૦ લાખની તુફાન જીપ કબ્જે કરવામાં આવી છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ કલોલ શહેરમાંથી તુફાન જીપ ચોરી થતા કલોલ શહેર પોલીસ મથકે ગુનો નોંધાયો હતો. બનાવ અંગે એલસીબી-૨ પોલીસે તપાસ હાથ ધરી હતી. પોલીસે વ્યુહાત્મક રીતે વાહન ચોરીના ગુના શોધી આરોપીઓને પકડી પાડવા માટે ટેકનીકલ સોર્સ તેમજ સ્થાનિક સોર્સની માહિતી એકઠી કરવા વિવિધ ટીમો બનાવી કામે લગાડી હતી. ત્યારે ગતરોજ એલસીબી ૨ ની ટીમ પેટ્રોલીંગમાં હતા. તે સમયે એએસઆઈ યજવેન્દ્રસિંહ અને પોલીસ કોન્સ્ટેબલ આશિષ સિંહને સંયુકત રીતે બાતમી મળી હતી કે શંકાસ્પદ બે શખ્સો તુફાન જીપ નં. જી.જે.૧૮.બી.કે.૪૪૬૮ લઈને તેરસાપરા ચોકડીથી કલોલ શહેર તરફના મુખ્ય માર્ગ તરફ લઈને આવે છે. પોલીસે બાતમીવાળી જગ્યા પર વોચ ગોઠવી હતી. તે દરમિયાન શંકાસ્પદ બે શખ્સો ગાડી લઈને આવતા પોલીસ ટીમોએ એલર્ટ થઈ તુફાન જીપને કોર્ડન કરી પિયુશકુમાર રઘુભાઈ સાધુ (ઉં.૨૮ રહે ૩૯ રતીશ સોસાયટી રેલ્વે પૂર્વ કલોલ) અને અનિલ કુમાર લવજીભાઈ રાવળ (ઉં.૩૪ રહે સ્વરૂપજીની ચાલી અંબિકાનગર-૧ ની બાજુમાં કલોલ ) ને વાહન સાથે પકડી પાડ્યા હતા. પોલીસે બે શખ્સોની ઉંડાણપૂર્વક પુછપરછ કરતા તેઓ ભાગી પડ્યા હતા અને ઉપરોકત તુફાન ગાડી નં. જી.જે.૧૮.બી.કે.-૪૪૬૮ આજથી ત્રણ દિવસ પહેલા કલોલ

## રાયસણના પંચેશ્વર મંદિરમાં રામ સમુહ રામચરિત માનસ નવ્હાન પારાયણનો પ્રારંભ



ગાંધીનગર, તા.૨

રાયસણ ખાતે આવેલ સુવિખ્યાત પંચેશ્વર મંદિરમાં ભક્તો દ્વારા સામુહિક રીતે તુલસીકૃત શ્રી રામચરિત માનસના સમૂહ ગાન ધ્વારા નવ્હાન પારાયણનો શુભારંભ થયો હતો.

પંચેશ્વર મંદિર, રાયસણ ખાતે ચૈત્રી નવરાત્રીના પહેલા નોરતાના દિવસે ઘટસ્થાપન અને અખંડ દીપ પ્રગટાવી નવરાત્રી મહોત્સવનો શુભારંભ થયો હતો. મોટી સંખ્યામાં ભાઈ બહેન ભક્તો નવરાત્રીના નવે નવ દિવસ દરમિયાન દરરોજ બપોરના ૩ વાગ્યાથી સાંજના ૬ વાગ્યા સુધી તુલસીકૃત રામચરિત માનસની ચોપાઈઓનું સમૂહમાં ગાન કરશે અને અંતમાં રામાયણજીની આરતી કરશે. મંદિરના પૂજારી અશોકભાઈની નિશ્રામાં યોજાએલ આ નવ્હાન પારાયણનું સમાપન ૧૦ એપ્રિલે રામનવમીના દિવસે થશે.

રામ નવમીના દિવસે પંચેશ્વર મંદિરમાં બપોરે ૧૨ વાગે પૂર્ણ પુરુષોત્તમ ભગવાન શ્રી રામનો જન્મોત્સવ મનાવવામાં આવશે અને ભગવાનને ૫૬ ભોગનો અન્નકૂટ ધરાવવામાં આવશે.